Extra No. 278

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, JULY 29, 2025 / SRAVANA 7, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગૃહ વિભાગના તારીખ: ૨-જી જુલાઈ, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક. જીજી/૧૦૬/૨૦૨૫/ એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૭૪.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923.

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨-જી જુલાઈ, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક. જીજી/૧૦૬/૨૦૨૫/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૩/૭૪:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક. ૨૧/૨૦/૬૨/પીઓએલએલ (૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા કેર્ન (CAIRN) ઓઈલ એન્ડ ગેસ, વેદાન્તા લિ.-ના એબવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન-(એજીઆઈ)-૧૩બી, ગામ-ખાખલ, તાલુકો-હારીજ, જિલ્લો-પાટણને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળનું નામ અને સ્થળની હદોનું વર્ણન.

ઈન્સ્ટોલેશનનું નામ	સરનામું	સરવે નંબર અને ક્ષેત્રફળ	પ્રતિબંધિત વિસ્તારની હદો
કેર્ન (CAIRN) ઓઈલ એન્ડ ગેસ, વેદાન્તા લિમિટેડ એબવ ગ્રાઉન્ડ ઈન્સ્ટોલેશન-(એજીઆઈ)-૧૩બી	ગામ: ખાખલ તાલુકો: હારીજ જિલ્લો: પાટણ	૩૬૦ કુલ ક્ષેત્રફળ: ૪૦૫ ચોરસ મીટર પ્રતિબંધિત વિસ્તાર: ૪૦૫ ચોરસ મીટર	પૂર્વે : જસવંતપુરા થી રામનગર રોડ (સરવે નંબર. ૩૬૭) પશ્ચિમે : સરવે નંબર. ૩૬૨ની જમીન ઉત્તરે : સરવે નંબર. ૩૫૮ની જમીન દક્ષિણે : સરવે નંબર. ૩૬૨ની જમીન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ધારા બ્રહ્મભટ્ટ,

સેક્શન અધિકારી.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.08.05 22:14:32 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar